આંક ૨૨ લગત હુકમઃ-

==================================================

(૧) આ કામે પ્રતિવાદી નં. ૨ નાએ હાલની અરજી કરી એવી દાદ માંગેલી છે કે, વાદીએ દાવાઅરજી કર્યા પછી પ્રતિવાદી નં. ૨ ને આંક ૧૩ ના હુકમ મુજબ પક્ષકાર તરીકે જોડેલા છે અને પ્રતિવાદી નં. ૨ નાએ તેઓનો લેખિત જવાબ આંક ૧૯ થી રજુ કરેલો છે. જે જવાબમાં પ્રતિવાદી નં. ૨ નાએ સ્પે.દિ.મુ.નં. ૮૬/૧૩ નો ઉલ્લેખ કરેલો છે અને તેમાં રૂ. ૩૮,૫૦,૦૦૦/- વસુલ મેળવવા દાદ માંગેલી છે. સદર દાવામાં વાદીની દાદ નિષ્ફળ જાય તે હેતુથી પ્રતિવાદી નં. ૨ શાહ નિતિનકુમાર ધીરજલાલે આ દાવાના બંને વાદીઓ સાથે મળી જઈ એક બીજાના મેળાપીપણામાં કોર્ટની પ્રોસેસનો દુરૂપયોગ કરવા ખોટી દાવા અરજી દાખલ કરેલી છે, તેમજ આ દાવાઅરજી દાખલ કર્યા પછી તુર્ત જ આંક ૧૫ થી ખોટી અને ગેરકાયદેસરની કરારદાદ રજુ કરી દાવો પૂર્ણ કરવા માંગણી કરેલી છે. જેથી સી.પી.સી. કલમ-૧૦ ની જોગવાઈ મુજબ સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ ની દાદને લક્ષમાં લેતાં હાલનો દાવો સ્ટે કરવા માંગણી કરેલી છે.

(૨) સદર અરજીનો વાદી નં. ૨ નાએ આંક ૨૭ થી જવાબ રજુ કરેલો છે. જેને વાદી નં. ૧ નાએ આંક ૨૮ ની પુરસીસ આપી સ્વીકારેલ છે. જ્યારે

પ્રતિવાદી નં. ૧ નાએ સદર અરજીનો જવાબ આંક ૨૯ થી આપેલો છે. જેમાં એવી તકરાર લીધેલી છે કે, આ અરજી હાલના તબક્કે ચાલવાપાત્ર નથી અને સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ માં વાદીઓ વિરૂધ્ધ કોઈ દાદ માંગવામાં આવેલી નથી. પ્રતિવાદી નં. ૨ નાએ તેઓની અરજીના પેરા-૩ ની હકિકતો સત્યથી વેગળી હોવાનું જણાવેલ છે. તેથી હાલનો દાવો સ્ટે થઈ શકે નહિ. કારણ કે, દાવામાં પક્ષકારો અલગ અલગ છે.

(૩) જ્યારે પ્રતિવાદી નં. ૧ નાએ પ્રતિવાદી નં. ૨ ની અરજીનો ભારપૂર્વક ઈન્કાર કરેલો છે અને આવી અરજી હાલના તબક્કે ચાલવાપાત્ર નથી તેવું જણાવેલું છે.

(૪) હવે સી.પી.સી.કલમ-૧૦ ની જોગવાઈ ધ્યાને લેતાં બંને દાવામાં પક્ષકારો અલગ અલગ છે, દાદ પણ અલગ અલગ માંગવામાં આવી છે. આ જોતાં સ્પે.દિ.મું.નં. ૮૬/૧૩ અગાઉ દાખલ થયેલો હોય અને તે દાવો કબુલાતનામા અને ચેકના આધારે લેણી રકમ વસુલ લેવાનો દાવો છે, જ્યારે સ્પે.દિ.મું.નં. ૯૬/૧૩ કરારના વિશિષ્ટ પાલનનો દાવો છે. તે સંજોગોમાં બંને દાવાના પક્ષકારો અલગ અલગ છે, સબ્જેક્ટ મેટર ઓફ સ્યુટ અલગ અલગ છે. જેથી સ્પે.દિ.મું.નં. ૯૬/૧૩ નો દાવો હાલના તબક્કે સ્ટે થઈ શકે તેમ નથી.

જેથી પ્રતિવાદી નં. ૨ ની આંક ૨૨ ની અરજી હાલના તબક્કે ચાલવાપાત્ર ન હોય નીચે મુજબનો હુકમ કરૂં છું.

<u>હુ ક મ</u>

- પ્રતિવાદી નં. ૨ ની હાલની આંક ૨૨ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૫, માહે-ઓગષ્ટ, સને-૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫-૮-૨૦૧૪. (જગદીશ ગાંડુભાઈ રૈયાણી)

પાટણ.

જજ કોડ નં. જી.જે.૦૦૪૯૬
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
પાટણ.

*C.P.Sathvara*